<u>**GUJARAT BILL NO. 18 OF 2021.**</u>

# THE CODE OF CRIMINAL PROCEDURE (GUJARAT AMENDMENT) BILL, 2021.

## *A BILL*

*further to amend the Code of Criminal Procedure, 1973 in its application to the State of Gujarat.*

<u>સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૮.</u>

## ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧.

## ગુજરાત રાજ્યને લાગુ પડતો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૭૪નો ૨ જો.

૨. ગુજરાત રાજ્યને લાગુ પડતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં, કલમ ૧૯૫-માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં, પેટા-ખંડ (૧)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:- સન ૧૯૭૪ના ૨-જા અધિનિયમની કલમ ૧૯૫-નો સુધારો.

સન ૧૮૬૦નો ૪૫-મો.

"(૧) ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમો ૧૭૨, ૧૭૩, ૧૭૪ અને ૧૭૫ થી ૧૮૭ (બંને સહિત) હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની, અથવા".

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત સરકાર, પોલીસ કમિશનર અને જિલ્લા મેજિસ્ટ્રેટને, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)ની કલમ ૧૪૪ હેઠળ, જુદા જુદા પ્રસંગોએ, જાહેર વ્યવસ્થા જાળવવા માટે અથવા કોઇ વ્યક્તિને થતી અડચણ, ત્રાસ કે નુકસાન(ઇજા) અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ અથવા બખેડો અટકાવવા માટે કોઇ વ્યક્તિને અમુક કામ ન કરવાનો અથવા અમુક વ્યવસ્થા જાળવવાનો આદેશ આપતા નિષેધાત્મક હુકમો બહાર પાડવાની સત્તા આપવામાં આવેલ છે. ઉપર્યુક્ત નિયંત્રણોનો અમલ કરાવવાના કામમાં રોકાયેલા પોલીસ અધિકારીઓને, (હુકમોના) ઉલ્લંઘનના બનાવોનો સામનો કરવો પડે છે અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ ઉલ્લંઘન કરનારાઓ વિરૂદ્ધ કાયદેસરના યોગ્ય પગલાં લેવાની જરૂરિયાત રહે છે. તેમ છતાં, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૫થી, આવા હુકમો કરનાર જાહેર સેવક માટે, ઉલ્લંઘન કરનારની સામે ફરિયાદી બનવાનું ફરજિયાત બને છે, જેનાથી પોલીસ અધિકારીઓ માટે ઉલ્લંઘનની ન્યાયિક નોંધ લેવામાં અવરોધ ઊભો થાય છે.

૨. ફોજદારી કાર્યરીતિ (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫-ના ૨૫-મા)થી ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦માં કલમ ૧૭૪-ક દાખલ કરવામાં આવી હતી અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪-ના ૨-જા અધિનિયમ)ની કલમ ૮૨ હેઠળ જાહેરનામાના સંબંધમાં હાજર ન થવાની બાબતને શિક્ષાપાત્ર બનાવવામાં આવી હતી. આ સુધારાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪-ના ૨-જા અધિનિયમ)ની કલમ ૮૨-માં પેટા-કલમો (૪) અને (૫) પણ દાખલ કરવામાં આવી હતી. કલમ ૧૭૪-ક હેઠળનો ગુનો પોલીસ અધિકારનો ગુનો છે. તેમ છતાં, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૫ (૧) (ક) (૩)થી, સંબંધિત જાહેર સેવકની લેખિત ફરિયાદના આધારે હોય તે સિવાય, ગુનાઓની ન્યાયિક નોંધ લેવામાં હકૂમત ધરાવતી કોર્ટને પ્રતિબંધિત કરેલ છે.

૩. ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦ના ૪૫-મા)ની કલમ ૧૭૪-ક અને કલમ ૧૮૮ હેઠળ પોલીસ અધિકારના ગુના થયા હોવાના સંબંધમાં પોલીસ અધિકારીઓ પાસેથી મળેલી માહિતીના આધારે ફોજદારી કેસોનું રજિસ્ટ્રેશન સરળ બનાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૫-ની જોગવાઇઓ સુધારવી જરૂરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**પ્રદીપસિંહ જાડેજા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૬મી માર્ચ, ૨૦૨૧. **પ્રદીપસિંહ જાડેજા.**

## પુરવણી

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)માંથી ઉતારા

રાજ્ય સેવકોને કાયદેસરના અધિકારના તિરસ્કાર, જાહેર ન્યાય વિરુદ્ધના ગુના અને પુરાવામાં આપેલા દસ્તાવેજો સંબંધી ગુના માટે ફોજદારી કામ ચલાવવા બાબત.

**૧૯૫.** (૧) કોઇપણ ન્યાયાલય-

(ક) સંબંધિત રાજ્ય સેવકની અથવા તે વહીવટી હેતુઓ માટે જેની સત્તા નીચે હોય તે બીજા કોઇ રાજ્ય સેવકની લેખિત ફરિયાદ સિવાય,- સન ૧૮૬૦નો ૪૫-મો.

(૧) ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૭૨ થી ૧૮૮ (બંને સહિત) હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની, અથવા

(૨) એવા ગુનાના કોઇ દુષ્પ્રેરણની અથવા તે કરવાની કોશિષની, અથવા

(૩) એવો ગુનો કરવા માટેના કોઇ પણ ગુનાહિત કાવતરાની,

(ખ) xxx xxx xxx

(૨) થી (૪) xxx xxx xxx

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૮.]

ગુજરાત રાજ્યને લાગુ પડતો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રદીપસિંહ જાડેજા,

ગૃહ રાજ્ય મંત્રીશ્રી]

(સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૨૬મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

## THE CODE OF CRIMINAL PROCEDURE (GUJARAT AMENDMENT) BILL, 2021.

## GUJARAT BILL NO. 18 OF 2021.

### *A BILL*

*further to amend the Code of Criminal Procedure, 1973 in its application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventy-second Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Code of Criminal Procedure (Gujarat Amendment) Act, 2021. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 195 of 2 of 1974.**

**2.** In the Code of Criminal Procedure, 1973, in its application to the State of Gujarat, in section 195, in sub-section (1), in clause (a), for sub-clause (i), the following sub-clause shall be substituted, namely:- **2 of 1974.**

"(i) of any offence punishable under sections 172, 173, 174 and 175 to 187 (both inclusive) of the Indian Penal Code, 1860, or". **45 of 1860.**

# STATEMENT OF OBJECTS AND REASONS

The Government of Gujarat, Commissioners of Police and District Magistrates are empowered to issue prohibitory orders under section 144 of the Criminal Procedure Code, 1973 (2 of 1974) directing any person to abstain from certain act or to take certain order to prevent obstruction, annoyance or injury to any person or danger to human life, health or safety or a disturbance of public tranquility or a riot or an affray to maintain public order on various occasions. The police officers deployed for the enforcement of the above restrictions come across incidents of violation and need to take appropriate legal action against the violators under section 188 of the Indian Penal Code, 1860. However, section 195 of the Criminal Procedure Code, 1973 makes it mandatory for the public servant issuing such orders to be the complainant against the violators thereby creating an impediment for taking cognizance of violations by police officers.

**2.** Section. 174-A was inserted in Indian Penal Code, 1860 by the Criminal Procedure Code (Amendment) Act, 2005 (25 of 2005) and non-appearance in response to a proclamation under section 82 of the Criminal Procedure Code, 1973 (Act 2 of 1974) was made punishable. The said amendment also inserted sub-section (4) and (5) in section 82 of the Criminal Procedure Code, 1973 (Act 2 of 1974). The offence under section 174-A is cognizable. However, section 195 (1) (a) (iii) of the Criminal Procedure Code, 1973 prohibits the jurisdictional courts from taking cognizance of the offences except on the complaint in writing of the public servant concerned.

**3.** The proposed amendment of provisions section 195 of the Criminal Procedure Code, 1973 is necessary to facilitate registration of criminal cases based on the information received from police officers regarding commission of cognizable offences under section 174-A and section 188 of Indian Penal Code, 1860 (45 of 1860).

This Bill seeks to amend the said Code to achieve the aforesaid object.

**PRADEEPSINH JADEJA,**

## MEMORENDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves the delegation of legislative power in the following respects:-

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government, by notification in the *Official Gazette,* to appoint the date on which the provisions of the Act shall come into force.

The delegation of powers as aforesaid is necessary and is in normal character.

Dated the 26th March, 2021. **PRADEEPSINH JADEJA.**

*ANNEXURE*

## EXTRACT FROM THE CODE OF CRIMINAL PROCEDURE, 1973.

**(2 of 1974)**

**Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and for offences relating to documents given in evidence.**

**195.** (1) No Court shall take cognizance

(a) (i) of any offence punishable under sections 172 to 188 (both inclusive) of the Indian Penal Code, 1860, or

(ii) of any abetment of, attempt to commit, such offence, or

(iii) of any criminal conspiracy to commit such offence, except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate;

(b) XXX XXX XXX

(2) to (4) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 18 OF 2021.**

***A BILL***

*further to amend the Code of Criminal Procedure, 1973 in its application to the State of Gujarat .*

**[ SHRI PRADEEPSINH JADEJA,**
**MINISTER OF STATE FOR LAW ]**

**( As published in the Gujarat Government Gazette of 26th March, 2021)**

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.

------------

Government Central Press, Gandhinagar.